ગુજરાત સરકાર

ક્રમાંક:જીયુવી-૧૦૨૦૦૯-૩૧૯૬૯—ક-૧
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
૫, સરદાર ભવન,, ૫મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૧-૦૫-૨૦૧૨

પ્રતિ,

**મેનેજીંગ ડીરેક્ટરશ્રી,**
**ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.,**
વડોદરા

**વિષય: "તત્કાલ વીજ જોડાણ યોજના-૨૦૧૦" હેઠળ નાણાં ભરપાઈ કરવાની મુદત લંબાવવા બાબત...**

શ્રીમાન,

ઉપર્યુકત વિષય અનુસંધાને,આપના તારીખ ૧૭-૦૪-૨૦૧૨ના પત્રાંક: જીયુવીએનએલ-ટેક-એચએમએસ-તત્કાલ-૨૦૧૧૦-૧૨૭૪ સંદર્ભે આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી એ "તત્કાલ વીજ જોડાણ યોજના-૨૦૧૦"નો મહત્તમ અરજદારો લાભ લઈ શકે તે હેતુથી અરજદારો દ્વારા તત્કાલ યોજના ૨૦૧૦માં નાણાં ભરપાઈ કરવાની સમય મર્યાદામાં વધારો કરવા દરખાસ્ત કરી છે.

દરખાસ્તમાં સૂચવ્યા મુજબ ,

(૧)અંદાજપત્રની રકમ ઘણી વધારે હોવાથી ... અરજદારો વીજ કનેકશન મેળવવા માટે અંદાજપત્રની રકમ નિયત સમયમાં ભરી શકેલ નથી. હાલમાં બધીજ વીજ કંપનીઓમાં નાણાં ભરપાઈ થવાની બાકી હોય(Un paid ) તેવી લગભગ ૨૫૦૦૦ અરજીઓ પડતર છે.

(૨) આ ઉપરાંત ટપક સિંચાઈ પદ્ધતિ માટે તત્કાલ યોજનાના અરજદારોએ નિયત સમય મર્યાદા(૧૮૦ દિવસ)માં નાણાં ભરપાઈ ન કરતાં આવી અરજીઓ આપોઆપ રદ (Auto Cancelled) થયેલ છે.

(૩) તે જ રીતે અરજદારોએ સૌ પ્રથમ ટપક સિંચાઈ માટે તત્કાલ યોજના નીચે અરજી કરી હોય પરંતુ, ત્યારબાદ ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવા ન ઈચ્છતા હોય પરંતુ, "તત્કાલ સામાન્ય યોજના -૨૦૧૦" હેઠળ તેઓ વિજ જોડાણ મેળવવા ઈચ્છતા હોય.

UGVCL
RO.MSH 0911

આ તમામ પ્રકારના અરજદારો દ્વારા નાણાં ભરપાઈ કરવાની મુદતમાં વધારો કરવા માટે અવારનવાર વિજ કંપનીઓને રજુઆતો મળેલ છે.

ઉકત દર્શાવેલ ત્રણ પ્રકારના અરજદારો "તત્કાલ યોજના -૨૦૧૦" નો લાભ લઈ શકે અને અંદાજપત્રના નાણાં ભરપાઈ કરી શકે તે હેતુથી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી ની દરખાસ્ત સંદર્ભે, પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા "તત્કાલ યોજના-૨૦૧૦"માં અરજદારો દ્વારા નાણાં ભરપાઈ કરવાની મુદતમાં આ પત્ર ઈસ્યુ કર્યાની તારીખથી ત્રણ માસ સુધીનો વધારો કરવામાં આવે છે.

આ મુદત વધારો "તત્કાલ યોજના-૨૦૧૦"માં જે અરજીઓ મળી ચુકી છે તેના નાણાં ભરપાઈ કરવા બાબતે છે. કોઈ નવી અરજીઓ આ યોજના નીચે સ્વીકારવાની રહેશે નહીં. જેની નોંધ લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(એચ.એફ ગાંધર્વ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

નકલ સાદર રવાના:
માન. રા.ક.મંત્રીશ્રી(ઊર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

01 Mar 2012 12:47 P 2